| | | | |
|---|---|---|---|
| | सत्यमेव जयते | રજુ તારીખ | ૧૨-૦૬-૨૦૨૬ |
| | | નોંધ્યા તારીખ | ૧૨-૦૬-૨૦૨૬ |
| | | ફેસલ તારીખ | ૨૩-૦૬-૨૦૨૬ |
| | | સમયગાળો | ૦૦ વ. ૦૦ મા ૧૧ દિ. |

# અગીયારમાં અધિક સેશન્સ જજ કોર્ટ, સાવલી, વડોદરા

**ફોજદારી પરચુરણ અરજી નંબર:- ૨૦૨/૨૦૨૬**

આંક :-

**અરજદાર :-** **સંજયભાઇ ચંપકલાલ સોની**
ઉ.વ.આ. ૩૮, ધંધો- વેપાર,
રહે. દુકાન નં.૩, સ્વામીનારાયણ મંદિર પાસે,
સોની ફળીયા, ડેસર, જી. વડોદરા

વિરુદ્ધ

**સામાવાળા:-** **સ્ટેટ ઓફ ગુજરાત**

**બાબત:- ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૪૮૨ અંતર્ગત આગોતરા જામીન અરજી.**

અરજદાર તરફે વિ.વ.શ્રી એચ.કે.સોની
સામાવાળા તરફે વિ.એ.પી.પી.શ્રી સી.જી.રાજપુત

# -: ચુકાદો :-

**(૧)** અરજદાર **સંજયભાઇ ચંપકલાલ સોની** દ્વારા ડેસર પોલીસ સ્ટેશન ગુના રજી. નં.૧૧૧૯૭૦૩૫૨૬૦૩૬૦/૨૦૨૬, ભારતીય ન્યાય સંહિતાની કલમ-૩૧૬(૨),૩૧૮(૪),૩૫૧(૨),૩૫૨ અંતર્ગત નોંધાયેલ ગુનામાં ધરપકડની દહેશત હોય ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ-૪૮૨ હેઠળ આગોતરા જામીન મેળવવા માટે હાલની અરજી દાખલ કરવામાં આવેલ છે.

**(૨)** સદર અરજી બાબતે સામાવાળા શ્રી સરકારને નોટીસ દ્વારા જાણ કરવામાં આવતા, સરકાર પક્ષે વિ.પી.પી શ્રી સી.જી.રાજપુત હાજર થયેલા છે અને તેઓ દવારા તપાસનીશ અધિકારીશ્રીના સોગંદનામાનું વંચાણે લીધુ. આ કોર્ટ ના હુકમ અનુસંધાને પી.આઇ. શ્રી ડેસર પોલીસ સ્ટેશન દ્વારા રજુ કરવામાં આવેલા પોલીસ સ્ટેશનના સી.સી.ટી.વી ફુટેજ ધ્યાને લીધા.

**(૩) એફ.આઇ.આર. મુજબ અરજદાર/આરોપીઓ સામે આક્ષેપિત ગુનાની હકીકત :-** આ કામની એફ.આઈ.આર વંચાણે લેતા ફરીયાદી **દ્વારા તા.૦૫/૦૬/૨૦૨૬** ના રોજ એવી હકીકત જાહેર કરવામાં આવેલી છે કે, **ગઈ તા. ૧૩/૦૮/૨૦૨૪ ના રોજ** ૧૫ ગ્રામ સોનાની બ્રેસલેટ (લકી) બનાવવા માટે સંજયભાઇ ચંપકલાલ સોની ને ત્યા ઓડર આપેલ અને તેનો ભાવ જે તે વખતે ઘડામણ વખતે રૂ.૧,૦૯, ૨૫૦/- નક્કી થયેલ. જેથી અ અમોએ આ સોનીને ટુકડે ટુકડે રૂ.૮૦,૦૦૦/- ચુકવેલ હતા અને બાકીના રૂ.૨૯,૨૫૦/- સોનાનુ બ્રેસલેટ આપવાનો વાયદો થયેલો. તે મુજબ નક્કી થયેલ પરંતુ **સન ૨૦૨૪ ના વર્ષથી આજદીન સુધી અમોએ આ સોની સાથે સોનાની માંગણી કરેલ પરંતુ આજદીન સુધી અમોને આપેલ નહી અને અમારા આપેલ પૈસા સોનાનો બ્રેસલેટ ન આપુ તો પરત આપવા જણા વેલ હતુ તેમ છતા પૈસા કે બ્રેસલેટ આપેલ નહી અને કહેવા જતા અમોને ગમે તેમ ગાળો બોલી હવે પછી અમારી દુકાને**

**આવશો તો તમારા ટાંટીયા તોડી નાખી તેમ કહી જાનથી મારી નખવાની ધમકી આપેલ.** આ બાબતે અમે વકીલ મારફતે સંજય સોનીને નોટીસ આપેલ પરંતુ તે ખોટા વાયદાઓ કરી અમારી રકમ અમને આપેલ નથી. જેથી આ સોનીએ અગાઉથી જ ગુનાહીત બદ-ઇરાદો રાખી અને પૈસા પડાવવાનુ કાવતરુ રચી અમને પુરેપુરા ભરોસે રાખી અમારી પાસે સોનાના બદલામા નાણાં પડાવી સોનુ કે આપેલ નાણા પરત નહી કરી અમારી સાથે વિશ્વાતઘાત ઠગાઈ કરેલ છે. અને ત્યારબાદ અમ ને જાણવા મળેલ કે આ સંજયભાઈ ચંપૈકલાલ સોની નાઓએ **શૈલેશકુમર છત્રસિંહ ચાવડા** રહે.શીરના મુવાડા તા.ડેસર જી .વડોદરા નાઓએ પણ આ સંજયભાઈ સોનીને ત્યા સોનાના દાગીના ૬ તોલા ૪૦૦ મીલીગ્રામ ના દાગીના ઘડામણ માટે આપેલ તેઓ ઘડામણ પેટે જે તે સમયે રૂ.૨૫૦૦૦/- નક્કી કરેલ અને જે સોનાના દાગીના આપેલ જેની આશરે કિ.રૂ. ૬,૦૦,૦૦૦/- જેટલા થાય તેઓ સાથે પણ વિશ્વાસઘાત છેતરપીંડી થયેલ છે. ત્યારબાદ ડેસર ગામના **અર્જુનભાઈ હીંમતસિંહ સોલંકી** રહે ડેસર બ્રાહ્મણ ફળીયુ તા.ડેસર જી.વડોદરા નાઓએ પણ સન ૨૦૨૩ ના વર્ષમા સોનાનો સેટ બનાવવા જે અઢી તોલાનો બનાવવા ઓર્ડર આપેલ જેમા સોનાની કોપરત આપેલ નહી અને બાકીની રકમ હાથે પહેરવાનો પટ્ટો અને સોનાની વીંટી આપેલ હતી તે સોનાનો સેટ પરત ખેલી, મહી જેની આશરે કિ.રૂ.૩,૩૦,૦૦૦/- ની જાણેલ છે. ત્યારબાદ **હરેશભાઈ ચીમનભાઈ પરમાર** રહે.ડેસર મહાદેવ ફળીયુ તા.ડેસર જી.વડોદશ નાઓએ સન ૨૦૨૩ ના વર્ષમાં ૨૫ ગ્રામ સોનાનો હાર બનાવવા ઓર્ડર આપેલ જેમા હારની કિ.રૂ.૧,૧૫,૫૦૦/- થાય જેમા રોકડા રૂ.૮૦. ૦૦૦/- ચુકવેલ બાકીના ૪૧,૫૦૦/- હાર મળ્યા બાદ ચુકવવાનો વાયદો કરેલ પરંતુ રોકડા રૂપીયા કે હાર આજદીન સુધી મળેલ ના જાણેલ છે. ત્યારબાદ **આશાબેન ગોપાલભાઈ પરમાર** રહે.ડેસર તા.ડેસર જી.વડોદરાનીએ ચાંદીના કલ્લા રૂ.૫૧,૦૦૦/-ના તે ચુકવી દીધેલ અને સોનાની રકમ રૂ.૭૮,૫૦૦/- થાય છે જેમા ૩૧,૫૦૦/- ચુકવી દીધેલ અને બાકી નીકળતી રકમ ૪૭,૫૦૦/- બાકી રહેલ છે તે સોના ચાંદીની રકમ પરત નહી મળવાનુ જણાઇ આવેલ છે. ત્યારબાદ **મીનાભાઈ વનરાજભાઈ ધુડાભાઈ પરમાર** રહે.વેજપુર તા.ડેસર જી. વડોદરા નાઓએ સન ૨૦૨૪ મા સોનાનો ૨૦ ગ્રામ સેટ બનાવવા સંજય સોનીની આપેલ જેમા રોકડા રૂ.૮૦,૦૦૦/- આપેલ પરંતુ સંજય સોનીએ

સોનાનો સેટ કે લીધેલ નાણા પરત નહી આપેલાનુ જાણેલ છે. ત્યારબાદ **સંતોકબેન મહેંદ્રસિંહ ચૌહાણ** રહે, રાજપુરા તા.વઘોડીયા જી.વડોદરા નાઓએ પોતાનો અઢી તોલાનો પટ્ટો રીપેરીંગ કરવા માટે આપેલ આશરે જેની કિ.રૂ.૨,૫૦,૦૦૦/- જે પટ્ટો હજુસુધી પરત ન આપેલાનુ જાણેલ છે. ત્યારબાદ **સવીતાબેન રાયસીંગભાઈ દરબાર** રહે. વડોદરા શહેર તા.જી.વડોદરા સોનાની ચેન ૧૦ ગ્રામની કુલ રૂ. .૯૮,૫૦૦/- નો બનાવવાનો ઓર્ડર આપેલ તેમા એડવાન્સ પેટે રૂ.૨૦,૦૦૦/- આપેલ જે રકમ કે ચેન આપેલ નહી હો વાનુ જાણેલ છે. ત્યારબાદ **મહેંદ્રસિંહ વિજયસિંહ ચૌહાણ** રહે.રાજુપુરા તા.ડેસર જી.વડોદરા નાઓએ પોતાના હાથનો પટ્ટો સોનાનો જે ૨ તોલા ૭૫૦ મીલીગ્રામ સોનુ રીપેરીંગ માટે આપેલ તે રીપેરીંગ ખર્ચ પેટે રૂ. ૧૯,૫૦૦/- નક્કી કરેલ તે સોનુ હાથનો પટ્ટો જેની કિ.રૂ. ૧૩૨,૦૦૦ (૨૦૨૫ની સ્થીતીએ) જે પરત ન આપેલાનુ જાણેલ છે. ત્યારબાદ **દલપતસિંહ રયજીસિંહ ચાવડા** રહે. શીરના મુવાડા તા.ડેસર જી. વડોદરા નાઓએ સોનાની ચેન ૨૦ ગ્રા મની જેની કિ.રૂ.૧,૦૫,૦૦૦/- નક્કી કરી અમે ટુકડે ટુકડે રૂ.૯૫,૦૦૦/- આપેલા જે પરત ન આપેલાનુ જાણેલ છે. **આ સિવાય એવુ પણ જાણવા મળેલુ છે કે હજુ ઘણા બધા માણસો સાથે વિશ્વાસઘાત છેતરપીંડી કરી પૈસા તેમ જ સોનુ પોતાના ઉપયોગ માટે લઈ મોટુ કૌભાંડ રચેલ હોવાની હકીકત પણ જાણવા મળેલ છે** અને અમે આજદીન સુધી તેઓની દુકાન પર અવાર નવાર ગયેલા પરંતુ આજદીન સુધી અમોને અમારી વસ્તુ કે નાણા પરત કરેલ ન હોય અને ખોટા વાયદાઓ આપતા હોય જેથી તેઓ અમને અમારી વસ્તુ કે નાણા પરત આપી દેશે તેવુ લાગતા કોઇ કાર્યવાહી કરેલ ન હોય પરંતુ આજદીન સુધી અમને અમારા પૈસા પરત આપેલ ન હોય અને અમોને ખોટા વાયદાઓ કરતા હોય જેથી આજરોજ અમે પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ આપવા આવેલ છીએ. જેથી આ સંજયભાઈ ચંપકલાલ સોની રહે. ડેસર તા.ડેસર જી.વડોદરા નાઓને અમોએ સોનાનુ બ્રેસલેટ બનાવ વા આપેલ તે ઓડરના ટુકડે ટુકડે રૂ.૮૦,૦૦૦/- તથા  અન્ય ઉપરોકત મુજબના ઇસમોના કુલ કિ.રૂ.૧૩,૦૧,૦૦૦/- નો વિશ્વાતઘાત તથા છેતરપીંડી કરેલ તથા અમને ગમે તેમ ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય અમારી તેઓના વિરુધ્ધમા કયદેસર

તપાસ થવા ફરીયાદ છે આ ગુનો તા. ૧૩/૦૮/૨૦૨૪ થી આજદીન સુધી કોઇપણ સમયે બનેલ છે.

**(૪). અરજદાર પક્ષની અરજીની વિગત અને મૌખીક રજુઆત :-**અરજદાર તરફે વિ.વકીલ શ્રી એચ.કે.સોનીએ પોતાની લેખીત અરજીમાં એવી હકીકત જણાવેલી છે કે, ફરીયાદીએ આરંભથી ખોટી, અન્યાયી અને ગેરકાયદેસર રીતે નાંણા વસુલ કરવા માટે ફરીયાદ નોંધાવેલી છે. જે ફરીયાદના કામે પોલીસ અરજદાર/આરોપની ખોટી રીતે તજવીજ કરતા હાલની આગોતરા જામીન અરજી મુકવાનું કારણ ઉત્પન્ન થયેલ છે. તેઓની વધુમાં રજુઆત છે કે, આ કામના ફરીયાદીએ ફરીયાદમાં મહત્વની હકીકતો છુપાવેલી છે અને ફરીયાદ દાખલ કરતા પહેલા ફરીયાદીએ તા.૨૪/૦૧/૨૦૨૬ ના રોજ એક લેખીત નોટીસ વકીલ શ્રી ઇરફાન એ. શેખ મારફતે સોની ચંપકલાલ કેશવલાને આપેલી હતી. જેંનો જવાબ અરજદાર/આરોપીએ વકીલશ્રી મારફતે આપેલો હતો અને તેમા સોની ચંપકલાલ કેશવલાલ તા.૦૯/૦૫/૨૧ ના રોજ ગુજરી ગયેલા હોવાનું જાહેર કરેલુ હતુ અને જો તેઓ સાથે કોઇ વ્યવાહાર કરેલો હોય તો હાલના અરજદાર/આરોપીને જાણ નહી હોવાનું જણાવેલુ હતુ. જે ફરીયાદીની જાણમાં આવતા તેઓએ ફરીથી તા.૦૯.૦૨.૨૦૨૬ ના રોજ ફરીથી મૃત વ્યકિત ચંપકલાલ કેશવલાલ સોની ના પુત્ર હાલના અરજદાર/આરોપીને નોટીસ આપી હતી અને જેમાં ખુલાસો કરી ફરીથી સમગ્ર નોટીસ એ જ કથનો વાળી આપેલી.

તેઓની વધુમાં રજુઆત છે કે, તા.૦૪/૦૬/૨૦૨૬ ના રોજ રાત્રીના ૧૧/૨૭ વાગ્યે ડેસર પોલીસ સ્ટેશનથી પોલીસ ગાડી લઇને પોલીસના માણસો આવેલા અને ડેસર પોલીસ સ્ટેશનના ઇન્સ્પેકટર કેતનસિંહ પટેલ, સંજય ચંપકલાલ સોનીને અર્જન્ટ ડેસર પોલીસ સ્ટેશન બોલાવે છે તેવી જાણ કરતા અરજદાર/આરોપી રાત્રીના ૧૧/૪૫ વાગ્યે ડેસર પોલીસ સ્ટેશન પહોંચેલા. તે દરમ્યાન હાજર પી.આઇ. શ્રી કેતન પટેલએ તેમની ચેમ્બરમાં અરજદાર/આરોપીને મા-બેન સામે ગાળો બોલવા લાગેલા અને કહેલ કે તમારી ધરપકડ કરી દેવાની છે અને તાત્કાલીક તમને લોક-અપમાં પુરી દેવાના છે. જેનુ કારણ પુછતા ફરીયાદી આરજુબેનએ આર.ટી.આઇથી અરજીઓ કરેલ છે જેનો જવાબ

આપવો ખુબ ગંભીર છે તેવુ જણાવી બીભત્સ ગાળો બોલી માર મારવાની ધમકી આપી લોકઅપમાં પુરી દેવામાં ઓવલા. તેઓની વધુમાં રજુઆત છે કે, અરજદાર/આરોપી તા.૦૪/૦૬/૨૦૨૬ ના રોજ ખુબ માર માર્યા બાદ ફરીયાદીને બોલાવીને ગુનો દાખલ કરવામાં આવેલો છે. તેઓની વધુમાં રજુઆત છે કે, અરજદાર/આરોપીને ઢોર માર મારતા તેઓએ તાત્કાલીક પ્રાર્થમીક સરવાર લીધેલી અને ત્યાર બાદ એસ.એસ.જી હોસ્પીટલ વડોદરા ખાતે પણ સારવાર લીધેલી છે. જેમા પોલીસ ઇન્સ્પેકટર શ્રી પટેલે માર મારેલાનું સ્પષ્ટ દર્શાવેલ છે. તેઓની વધુમાં રજુઆત છે કે, માર માર્યા બાદ તા.૦૫/૦૬/૨૦૨૬ ના રોજ એક સમજપત્રકમાં પોલીસ સબ ઇન્સ્પેકટર શ્રી ડી.બી.મેરએ સહી લીધેલી અને તા.૦૬/૦૬/૨૬ ના રોજ ૧૧ વાગ્યે બિનચુક હાજર રહેવા સમજ કરેલી. પરંતુ અરજદાર વડોદરા સીવીલ હોસ્પીટલ તથા ગોધરા સીવીલ હોસ્પીટલમાં સારવારમાં હોય તપાસમાં હાજર રહી શકેયા નહી. તેઓની વધુમાં રજુઆત છે કે, અરજદાર/આરોપી દ્રારા તેઓ સાથે કરવામાં આવેલા દુરવ્યવહાર, અત્યાચાર અને કાનુની જોગવાઇઓના ભંગ બદલ નામદાર ગુજરાત ઉચ્ચ અદાલતમાં કવોશિંગ પીટીશન તથા પોલીસ ઇન્સ્પેકટર શ્રી પટેલની સામે અલાયદા પગલા ભરવા કાર્યવાહી કરેલી છે. તેઓની વધુમાં રજુઆત છે કે, આક્ષેપીત ગુનો સાત વર્ષ સુધીની સજાને પાત્ર અને જે.એમ.એફ.સી ટ્રાયેબલ ગુનો છે. તેઓની વધુમાં રજુઆત છે કે, આરોપી નિર્દોષ છે, સ્થાનીક વિસ્તારના રહીશ છે, કયાંય નાશી ભાગી જાય તેમ નથી, પુરાવા સાથે ચેડા કરે તેવા નથી. તેઓની વધુમાં રજુઆત છે કે, જયારે ધંધાકીય ટ્રાન્ઝેકશન નાણાંકીય લેવડદેવડનો હોય ત્યારે તેને ફોજદારી સ્વરૂપ આપી શકાય નહી. તેઓની વધુમાં રજુઆત છે કે, આરોપી વિરૂધ્ધ નોંધાયેલ હોય તેવો પ્રર્થમ ગુનો છે, તેઓ કોઇ ગુનાહીત ઇતીહાસ ધરાવતા નથી. તેઓની વધુમાં રજુઆત છે કે, હાલની ફરીયાદ દાખલ થતા સુધી ફરીયાદમાં જણાવેલા કોઇ ગ્રાહકોએ આરોપી વિરૂધ્ધ કોઇ ફરીયાદ, નોટીસ કે કાનુની કાર્યવાહી કરેલી નથી.

જામીન અરજીની સુનાવણી દરમ્યાન માર્ક ૩/૧ થી ૩/૬ સુધી વિવિધ દસ્તાવેજો રજુ કરવામાં આવેલા છે. ત્યાર બાદ તેઓએ વધારાની પુરશીશ રજુ કરી તેઓ સાથે તા.૦૪/૦૬/૨૬ ના રાત્રીના ૧૧/૩૦ થી ૧૧/૪૫ વાગ્યા થી ૦૬/૦૬/૨૦૨૬ ના રોજ રાત્રે

૧/૨૦ વાગ્યા સુધી બનેલી ઘટનાઓની સમય મુજબ વર્ણન કરેલ છે. તેમજ અલગથી લેખીત રજુઆત રજુ કેરલી છે. જે વંચાણે લીધી.

**(૫) સામાપક્ષે મૌખીક રજુઆત :-** વિ.પી.પી.શ્રી સી.જી.રાજપુતએ જામીન અરજીનો વિરોધ કરતા તપાસનીશ અધિકારી શ્રીના સોગંદનામા મુજબની રજુઆત કરેલી છે. આરોપીએ ફરીયાદી ઉપરાંત ફરીયાદમાં જણાવેલા અન્ય સાહેદો ના મળી કુલ રૂ.૧૩,૦૧,૦૦૦/- ની રકમ અને સોનું મેળવી લીધેલ છે. જે રીકવર કરવાનું બાકી છે. જો આરોપી પોલીસ કસ્ટડીમાં હશે તો મુદામાલ રીકવર કરી શકાશે. તેઓની વધુમાં રજુઆત છે કે, અરજદાર/આરોપી દ્રારા ફરીયાદી અને ફરીયાદમાં જણાવેલા સાહેદો ઉપરાંત પણ ઘણા બધા ગરીબ માણસોને ભોગ બનાવ્યા હોય તેવી પુરેપુરી શકયતા છે. જેથી તે દિશામાં તપાસ કરવાની બાકી છે. તેઓની વધુમાં રજુઆત છે કે, અરજદાર/આરોપીને અગોતરા જામીન મુકત કરવામાં આવે તો અન્ય ભોગ બનનાર સાહેદોને યેનકેન પ્રકારે ફોડી નાખે તેમ છે. અરજદાર/આરોપીને ગુનાના કામે પોતાનું નિવેદન લખાવા માટે હાજર રહેવા માટે અવાર-નવાર તેના ઘરે નોટીસની બજવણી કરવા છતા તેઓએ નોટીસ સ્વીકારેલ ન હોય કાયદાકીય પ્રક્રિયાના પુર્ણ કરવામાં સહકાર આપતા નથી. તેઓની વધુમાં રજુઆત છે કે, અરજદાર/આરોપી સુલેહશાંતીનો ભંગ સાહેદો સાથે ન કરે તે માટે અટકાયતી પલગા લઇ મામલતદાર કેચરી ડેસર ખાતે રજુ કરતા તેઓના કોઇ જામીન ન આવતા તેઓને તા.૦૮/૦૬/૨૬ ના રોજ એકજીકયુટીવ મેજીસ્ટ્રેટ ડેસર સમક્ષ હાજર રહેવા સમજ કરેલી હતી. પરંતુ અરજદાર આરોપીએ તે હુકમનું પાલન કરેલ ન હોય બી.એન.એસ.એસ ની કલમ-૭૬ મુજબનો પકડ વોરંટ લેવામાં આવેલ.તેઓની વધુમાં રજુઆત છે કે, અરજદાર/આરોપી જે જગ્યાએ દુકાન ચલાવે છે તે સ્વામીનારાયલ મંદિર વડતાલ સંચાલીત દુકાનનું ભાડુ ભરેલ ન હોય દુકાનના કબજા બાબતે કોર્ટ મેટર ચાલે છે. જે આરોપી શરૂઆતથી લોકોની સાથે ઠગાઇ કરવાની ટેવવાળો હોવાનું દર્શાવે છે. તેઓની વધુમાં રજુઆત છે કે, આરોપી ૧૦ દિવસ ઉપરાંતથી નાસતો ફરતો હોય તપાસમાં સહકાર આપતો નથી. તેઓની વધુમાં રજુઆત છે કે, આરોપીને આગોતરા જામીન મુકત કરવામાં આવે તો તેઓ અન્ય લોકો સાથે આવો ગુનો કરી શકે તેમ છે.

તેઓની વધુમાં રજુઆત છે કે, સદર ગુનો કરવામાં તેઓ સાથે અન્ય આરોપીઓ પણ સંકળાયેલા હોય તેવી શકયતા છે. જે તમામ ધ્યાને લઇ હાલની જામીન અરજી નામંજુર કરવા વિનતી કરેલી છે.

**(૬)** બંન્ને પક્ષકારોના વિ.વકીલશ્રીને સાંભળ્યા. રેકર્ડ ઉપરની હકિકત ધ્યાને લીધી.

**(૭)** હાલની અરજી ફોજદારી કાર્યરીતી સંહીતા, ૧૯૭૩ ની કલમ-૪૩૮ અંતર્ગતની છે ત્યારે આ અંગે નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા **Siddharam Satlingappa Mhetre (supra)** ના કેસમાં ઠરાવેલ સિધ્ધાંત ધ્યાને તેવો આવશ્યક છે, જે ચુકાદામાં નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા ઠરાવવામાં આવેલ છે કે,

> "122. The following factors and parameters can be taken into consideration while dealing with the anticipatory bail:
>
> **i. The nature and gravity of the accusation** and the **exact role of the accused must be properly comprehended** before arrest is made;
>
> **ii. The antecedents of the applicant** including the fact as to whether the accused has previously undergone imprisonment on conviction by Court in respect of any cognizable offense;
>
> **iii.** The **possibility of the applicant to flee from justice;**
>
> **iv.** The **possibility of the accused's likelihood to repeat similar or the other offenses.**

**v. Where the accusations have been made only with the object of injuring or humiliating the applicant by arresting** him or her.

**vi. Impact of grant of anticipatory bail** particularly in cases of large magnitude affecting a very large number of people.

**vii.** The **courts must evaluate the entire available material against the accused very carefully. The court must also clearly comprehend the exact role of the accused in the case.** The cases in which accused is implicated with the help of sections 34 and 149 of the Indian Penal Code, the court should consider with even greater care and caution because over implication in the cases is a matter of common knowledge and concern;

**viii.** While considering the prayer for grant of anticipatory bail, a **balance has to be struck between two factors namely, no prejudice should be caused to the free, fair and full investigation and there should be prevention of harassment humiliation and unjustified detention** of the accused;

**ix.** The court to consider **reasonable apprehension of tampering of the witness or apprehension of threat** to the complainant;

**x. Frivolity in prosecution should always be considered** and it is only the element of genuineness that shall have to be considered in

the matter of grant of bail and in the event of there being some doubt as to the genuineness of the prosecution, in the normal course of events, the accused is entitled to an order of bail.

**123.** The arrest should be the last option and it should be restricted to those exceptional cases where arresting the accused is imperative in the facts and circumstances of that case.

**124. The court must carefully examine the entire available record and particularly the allegations which have been directly attributed to the accused and these allegations are corroborated by other material and circumstances on record."**

તે સિવાય નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા **Gurubaksh Singh Sibbia Vs. State of Punjab And Hariyana AIR 1980 SC 1632** ના કેસ માં ઠરાવેલ સિદ્ધાંત ધ્યાને લેવામાં આવતો તેમા ઠરાવવામાં આવેલ છે કે,

High Court and court of Sessions to whom application for anticipatory bail is ought to be left free in exercise of their judicial discretion to grant bail if they consider it fit so to do on particular facts and circumstances of case and on such conditions as case may warrant- similarly, they must be left free to refuse bail if circumstances of case so warrant, on considerations similar to those mentioned in Sec. 437 or which are generally considered to be relevant u/s. 439 of Code.

**(૮)** આગોતરા જામીન અંગેનું એક મહત્વપૂર્ણ તત્વ એવુ છે કે, આરોપીને ખોટી રીતે સંડોવી દીધેલ હોય અને તેવુ પ્રથમદર્શનીય જણાઈ આવતુ હોય ત્યારે આરોપીને આગોતરા જામીન આપવા જોઈએ, તે સિવાય જે કારણો ધ્યાને લઈ ફોજદારી કર્યારીતી સંહિતાની કલમ-૪૩૭,૪૩૯ ની જામીન અરજી મંજુર કે નામંજુર કરી શકાય તે કારણો પણ ધ્યાને લઈ શકાય. તે સીવાય નામદાર વડી અદાલત દ્વારા **Mohmed Salim Abdul Rasid Shaikh Vs State of Gujarat 2001(2) GLR 1580** પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ અગોતરા જામીન આપવાની સત્તાનો કોર્ટ દ્વારા ખુબ સાવચેતી પુર્વક અને અપવાદ રૂપ સંજોગો સિવાય સામાન્ય રીતે ઉપયોગ કરવો જોઈએ નહી તેવુ ઠરાવવામાં આવેલ છે. તે સિવાય નામદાર ગુજરાત ઉચ્ચ અદાલત દ્વારા **Harisinh Abhesinh Parmar Vs State of Gujarat 2023-JX (Guj)-0-54** માં ઠરાવેલ સિધ્ધાંત મુજબ જે કેસમાં આરોપીઓના કસ્ટોડીયલ ઈન્ટ્રોગેશનની આવશ્યકતા ઉત્પન્ન થઈ શકે તેવુ જણાતુ હોય તેવા કેસમાં સામાન્ય રીતે આગોતરા જામીન આપવા જોઈએ નહી.

**(૯)** તમામ રજુઆતો તથા તપાસના કાગળો વંચાણે લીધા. સદર અરજી એક આગોતરા જામીન અરજી છે ત્યારે આ કોર્ટે પુરાવાનું ઉંડાણ પુર્વક મુલ્યાંકન કરવાનું હોતુ નથી. તેમજ રજુ પુરાવાની ગ્રહયતા નો નિર્ણય કરવાનો નથી. પરંતુ નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા ઉપરોકત ચુકાદામાં ઠરાવેલા સિધ્ધાંત મુજબ આવી જામીન અરજીનો નિર્ણય કરતા સમયે અરજદાર/આરોપી વિરૂધ્ધ કરવામાં આવેલા આક્ષેપ મુજબનો પ્રથમદર્શનીય કેસ છે કે કેમ તે એક મુદા તરીકે વિચારવાનું રહે છે, ત્યાર બાદ આક્ષેપની ગંભીરતા, તપાસ દરમ્યાન મેળવવામાં આવેલ આરોપી વિરૂધ્ધના પ્રર્થમ દર્શનીય પુરાવો, પુરાવા સાથે ચેડા થવાની શક્યતા, ટ્રાયલ દરમ્યાન હાજરીની શકયતા વિગેરે ઉપર જણાવ્યા મુજબના પાસા ધ્યાને લેવાના હોય છે.

**(૯.૧)** તમામ રજુઆતો તથા તપાસનીશ અધિકારી શ્રીનું સોગંદનામુ, એફ.આઇ.આરની વિગત ધ્યાને લીધા. હાલની આગોતરા જામીન અરજીમાં અરજદાર/આરોપી દ્વારા ડેસર

પોલીસ સ્ટેશનના પી.આઇ. શ્રી કેતન પટેલ દ્વારા તેઓને હાલના ગુનાની એફ.આઇ.આર દાખલ થયા પહેલા જ તા.૦૪/૦૬/૨૬ ના રોજ ડેસર પોલીસ સ્ટેશન બોલાવી અરજદાર/આરોપીને ગાળો આપી, માર મારવાની ધમકી આપી અને પટ્ટા વડે માર મારેલ હોવાનો આરોપ સોગંદ પર કરેલો છે. તેમજ ત્યાર બાદ તા.૦૬/૦૬/૨૬ વહેલી સવારના સી.એચ.સી ડેસર ખાતે સારવાર લીધેલ હોવાના કાગળો રજુ કરેલા છે. આમ, અરજદાર/આરોપીને તા.૦૫/૦૬/૨૦૨૬ ના રોજ કલાક-૧૭/૦૦ વાગ્યે સદર ગુનો દાખલ થયા પહેલા પોલીસ સ્ટેશનમાં ગોંધી રાખી પી.આઇ શ્રી દ્વારા માર મારવામાં આવેલ હોવાનો ગંભીર આરોપ હોવાથી આવા આક્ષેપના પરીપેક્ષમાં અરજદાર/આરોપીને આગોતરા જામીન આપવા કે ન આપવાથી તેઓની સલામતી અને બંધારણીય અધીકારો પર શું અસર થઇ શકે તેમ છે તેની ખાત્રી કરવા માટે આ કોર્ટ દ્વારા તા.૦૪/૦૬/૨૬ ના ૨૩/૦૦ થી તા.૦૫/૦૬/૨૬ ના ૨૩/૦૦ સુધીના સી.સી.ટી.વી ફુટેજ રજુ કરવા માટે પી.આઇ. શ્રી ડેસર પોલીસ સ્ટેશનને હુકમ કરવામાં આવેલો હતો. જે અનુસંધાને પી.આઇ શ્રી ડેસર પોલીસ સ્ટેશન દ્વારા સદર પોલીસ સ્ટેશનના સી.સી.ટી.વી ફુટેજ રજુ કરેલા છે. જે ફુટેજ ધ્યાને લેતા જણાય છે કે, અરજદાર/આરોપીને હાલના ગુનાની તા.૦૫/૦૬/૨૬ ના રોજ ૧૭/૦૦ વાગ્યે એફ.આઇ.આર દાખલ થઇ તે પહેલા જ તા.૦૪/૦૬/૨૬ ના રોજ રાત્રીના ૨૩/૫૬ થી ૦૦/૦૦ વાગ્યાના સમયે પી.આઇ. શ્રી ની ચેમ્બરમાં લઇ જવામાં આવે છે. ત્યાર બાદ અરજદાર/આરોપીને લોકઅપમાં પુરી દેવામાં આવે છે. ત્યાર બાદ તા.૦૫/૦૬/૨૬ ના રોજ લોબી કેમેરા નં.૧૧ માં ૧૦/૪૨ થી ૧૦/૪૭ ના ગાળામાં ફરીયાદી સ્ત્રી, પી.આઇ. શ્રી આવે છે અને અરજદાર/આરોપીને લોકઅપમાંથી બહાર કાઢી લોકઅપની બાજુમાં આવેલ ઇન્ટ્રોગેશન રૂમ (પી.આઇ. શ્રીના કહેવા મુજબના) મા લઇ જાય છે. જે રૂમમાં કેમેરા નહી હોવાનું હાજર પી.આઇ. જાહેર કરે છે. ફરીયાદી સ્ત્રી, પી.આઇ.શ્રી પટેલ અને અરજદાર/આરોપી સદર લોકઅપની બાજુમાં આવેલા ઇન્ટ્રોગેશન રૂમમાં શું સ્થીતમાં છે તે સી.સી.ટી.વી ફુટેજમાં જોઇ શકાતુ નથી, પરંતુ બહારના ઉભેલા લોકો જે રીતે રૂમ બહાર ઉભા રહી વરતી રહેલા છે અને જોવા માટે લોકો ભેગા થાય છે તે એકસપ્રેસન ધ્યાને લેતા અંદર રૂમમાં કોઇ અઘીટ ઘટના બનતી અનુમાન કરી શકાય તેવુ જણાય છે. વધુમાં અરજદાર/આરોપી દ્વારા પોતાની

સાથે બનેલ બનાવના જુદા જુદા સમયની જે પુરશીશ જાહેર કરેલી છે અને જે સ્થળે તેઓ સાથે પી.આઇ.શ્રી દ્વારા માર મારવામાં આવેલ હોવાનો બનાવ વર્ણવામાં આવેલ છે, તે સમયે અને સ્થળે ઉપરોકત મુજબની હલચલની વિગત અને લોકોની કુતુહલતા ધ્યાને લેતા અરજદાર/આરોપીના આરોપને પ્રાર્થમીક સમર્થન મળતુ જણાય છે. વધુમાં અરજદાર/આરોપી દ્વારા તેઓને પોલીસ સ્ટેશનમાંથી મુકત કરવામાં આવ્યા બાદ લીધેલી સારવારના કાગળો ધ્યાને લેતા પણ પ્રાર્થમીક સમર્થન જણાય છે. આમ, પી.આઇ. શ્રી પટેલ દ્વારા હાલના ગુનાની ફરીયાદ દાખલ થયા પહેલાજ અરજીના અનુસંધાને અરજદાર/આરોપીને પોલીસ લોકઅપમાં પુરી દીધેલા જણાય છે. જે અરજી પણ બે વર્ષ જેટલા જુના હોવાનું કહેવાતા ધંધાકીય વ્યવહાર કે જે ફોજદારી પ્રકારનો ગણવામાં આવે તો પણ વધુમાં વધુ સાત વર્ષ સુધીની સજાને પાત્ર છે, તે કામે લોકઅપમાં પુરેલા જણાય છે. જે અરજદાર/આરોપીના બંધારણીય અધીકારોનું પ્રાર્થમીક હનન જણાય છે.

**(૯.૨)** વધુમાં એફ.આઇ.આરની વિગત ધ્યાને લેવામાં આવેતો, તા.૧૩/૦૮/૨૦૨૪ થી બનવા શરૂ થયેલ હોવાનું જણાવામાં આવેલ છે. પરંતુ એફ.આઇ.આર તા.૦૫/૦૬/૨૬ ના રોજ આપવામાં આવેલી છે. એટલે કે, આક્ષેપીત છેતરપીંડી અને વિશ્વાસઘાતના ખુબ લાંબા સમય બાદ એફ.આઇ.આર કરવામાં આવેલી છે. વધુમાં સદર એફ.આઇ.આરમાં આક્ષેપીત ગુનાની વધુમાં વધુ સજાની જોગવાઇ ધ્યાને લેવામાં આવેતો તે વધુમાં વધુ સાત વર્ષ સુધીની સજાને પાત્ર અને મેજીસ્ટ્રેટ ટ્રાયેબલ છે. જેથી નામદારા સર્વોચ્ચ અદાલત દ્વારા અરનેશકુમાર વિ.સ્ટેટ ઓફ બીહારના કેસમાં ઠરાવેલ સિધ્ધાંત અને ત્યાર બાદના ચુકાદાઓમાં ઠરાવેલા સિધ્ધાંતો પણ ધ્યાને લેવા આવશ્યક છે.

**(૯.3)** વધુમાં ફરીયાદી સિવાય ફરીયાદમાં અન્ય જે સાક્ષીઓ વિરૂધ્ધમાં પણ અરજદાર/આરોપીએ સમાન પ્રકારનો ગુનો કરેલ હોવાનું કહેવાય છે, તેવા કોઇ પણ સાહેદે હાલ સુધીમાં કોઇ ફરીયાદ કરેલી નહી હોવાનું પી.આઇ. શ્રી પટેલ જાહેર કરે છે. તેમજ હાલના ગુનાની એફ.આઇ.આર જાહેર થયા બાદ તેવા ભોગ બનનારાઓ પોલીસ

સમક્ષ નિવેદન લખાવવા આવતા તેઓને હાલના કેસમાં સાહેદ તરીકે દર્શાવેલા હોવાનું જણાય છે. જે અનુસંધાને તપાસના કાગળોમાં સામેલ સાહેદ શૈલેશભાઇ છત્રસિંહ ચાવડાએ આરોપી સાથે તા.૦૭/૦૮/૨૫ ના રોજ વ્યવહાર કરેલ હોવાનું, સાહેદ અર્જુનસિંહ હીંમતસિંહ સોલંકી દ્વારા તા.૦૫/૦૨/૨૩ ના રોજ વ્યવહાર કરેલ હોવાનું, સાહેદ હરેશભાઇ ચિમનભાઇ પરમાર દ્વારા તા.૦૯/૦૪/૨૩ ના રોજ વ્યવહાર કરેલ હોવાનું, સાહેદ આશાબેન ગોપાલભાઇ પરમાર દ્વારા તા.૦૯/૦૮/૨૫ ના રોજ વ્યવહાર કરેલ હોવાનું, સાહેદ મીનાબેન વનરાજભાઇ પરમારે તા.૦૭/૦૮/૨૩ ના રોજ વ્યવહાર કરેલ હોવાનું, સાહેદ સવિતાબેન રાયસિંગભાઇ દરબારે તા.૦૯/૦૮/૨૦૨૫ ના રોજ વ્યવહાર કરેલ હોવાનું, સાહેદ સંતોકબેન મહેન્દ્રસિંહ ચૌહાણ દ્વારા તા.૧૩/૦૪/૨૫ ના રોજ વ્યવહાર કરેલ હોવાનું, સાહેદ કમલેશસિંહ દલપતસિંહ ચાવડાએ તા.૧૫/૧૨/૨૨ થી તા.૦૨/૦૨/૨૪ વચ્ચે વ્યવહાર કરેલ હોવાનું જાહેર કરેલ જણાય છે. એટલે કે, હાલની ફરીયાદમાં દર્શાવેલા સાહેદો સાથે ૨૦૨૨ થી ૨૦૨૫ ના એમ જુદા જુદા સમયે જુદા જુદા સાહેદો સાથે છેતરપીંડી અને વિશ્વાસઘાત થયેલ હોવાનું લખાવેલ છે. પરંતુ કોઇ પણ સાહેદ દ્વારા સદર બાબતની હાલ સુધીમાં એફ.આઇ.આર કરવામાં આવેલી નથી. વધુમાં સદર તમામ ગુના જુદા જુદા સમયે અને જુદા જુદા લોકો સાથે બનેલ હોવાનું કહેવાતા ગુના હોવા છતા પોલીસ દ્વારા તેની જુદી જુદી એફ.આઇ.આર શા માટે દાખલ થયેલી નથી અને એકજ એફ.આઇ.આરમાં તમામને સાહેદો બનાવામાં આવેલા છે તે બાબતે પી.આઇ.શ્રી પટેલને પુછતા તેઓ જણાવે છે કે, તેઓ પોલીસ અધીક્ષકશ્રીની પરવાનગી સિવાય ગુનો દાખલ કરી શકતા નથી અને પોલીસ અધીક્ષકશ્રી રજા પર હોવાથી પરવાનગી લેવાયેલી નહી અને હવે પોલીસ અધીક્ષકશ્રીએ પરવાનગી આપેલી હોવાથી જુદી જુદી એફ.આઇ.આર નોંધવાની કામગીરી કરવામાં આવશે. આ રજુઆત અંગે વિચાર કરવામાં આવે તો, કાયદા અંતર્ગતના કોઇ કોગ્નીઝેબલ ગુનાની એફ.આઇ.આર નોંધતા પુર્વ પોલીસ અધીક્ષકની પરવાનગી લેવી પડે તેવી કાયદામાં કોઇ જોગવાઇ કરવામાં આવેલી નથી અને જો તે પ્રમાણેની પ્રક્રિયાનું પાલન કરવામાં આવતુ હોય તો કે કાયદા અને નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા લલીતાકુમારીના ચુકાદામાં ઠરાવેલા સિધ્ધાંતનો ભંગ કરતા છે. આમ, એફ.આઇ.આરમાં દર્શાવેલા સાહેદો સાથે કથીત રીતે

૨૦૨૨ થી ૨૦૨૫ ના જુદા જુદા સમયગાળામાં આક્ષેપીત છેતરપીંડી અને વિશ્વાસઘાત થયેલ હોવા છતા આજ સુધી તેની કોઇ એફ.આઇ.આર નોંધાયેલા નથી. વધુમાં તપાસનીશ અધીકારીશ્રીએ પોતાના સોગંદનામામાં અરજદાર/આરોપી વિરૂધ્ધ ભુતકાળમાં કોઇ ગુનો નોંધાયેલ છે કે કેમ ? તેના કોલમમાં "હા" લખેલ છે, પરંતુ ગુનાની કોઇ વિગત જાહેર કરેલી નથી. પરંતુ સોગંદનામાના આગળ જતા આરોપી વિરૂધ્ધ નેગો.ઇસ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ નો ગુનો નોંધાયેલ હોવાનું લખેલ છે. આમ, હાલના અરજદાર/આરોપી વિરૂધ્ધ નોધાયેલો પ્રર્થમ પોલીસ કેસ જણાય છે.

**(૯.૪)** વધુમાં તપાસનીશ અધીકારીશ્રીની રજુઆત છે કે, આરોપી તપાસમાં સહકાર આપતા નથી અને તેઓને નિવેદન લખાવવા માટે વારંવાર નોટીસ દ્રારા જાણ કરવામાં આવેલ હોવા છતા હાજર રહેતા નથી. આ અંગે વિચાર કરવામાં આવેતો, પી.આઇ.શ્રી ડેસર પોલીસ સ્ટેશન દ્રારા અરજદાર/આરોપીને હાલનો ગુનો નોંધતા પુર્વજ તા.૦૪/૦૬/૨૬ ના રાત્રીના ૧૧/૪૫ વાગ્યાથી તા.૦૫/૦૬/૨૬ ના ૧૫/૧૦ વાગ્યા સુધી પોતાની કસ્ડીમાં રાખેલ હોવાનું તેઓ દ્રારા જ રજુ કરેલા કેમેરા રેકોર્ડીંગ પરથી જણાઇ આવે છે. જે સમય દરમ્યાન તેઓ અરજદાર/આરોપી નું નિવેદન નોંધી શકવાતી તક ધરાવતા હતા.

**(૧૦)** આમ, અરજદાર/આરોપી વિરૂધ્ધ આક્ષેપીત ગુનાની સજાની જોગવાઇ ધ્યાને લેવામાં આવેતો વધુમાં વધુ સાત વર્ષ સુધીની સજાને પાત્ર અને મેજીસ્ટ્રેટ ટ્રાયેબલ ગુનો છે. સદર ગુનાની એફ.આઇ.આર બે વર્ષ જેટલા સમય બાદ કરવામાં આવેલી છે. ફરીયાદમાં દર્શાવેલા સાહેદો દ્રારા હાલ સુધીમાં કોઇ એફ.આઇ.આર આપવામાં આવેલી નથી કે પોલીસ દ્રારા નોંધવામાં આવેલી નથી. હાલનો ગુનો નોંધતા પુર્વજ પી.આઇ. શ્રી ડેસર દ્રારા આરોપીને તા.૦૪/૦૬/૨૬ ના  ૨૩/૪૫ થી તા.૦૫/૦૬/૨૬ ના રોજ ૧૫/૧૦ સુધી પોલીસ કસ્ડીમાં રાખેલા છે અને અરજદાર/આરોપીને ટોર્ચર કરેલા હોવાનું રજુ મેડીકલ અને સી.સી.ટી.વી રેકોર્ડીમાં કથીત રૂમ બહારના લોકોની વર્તણુક પરથી પ્રાર્થમીક રીતે જણાઇ આવે છે. આમ, મુખ્ય રૂપથી પી.આઇ. શ્રી દ્રારા અરજદાર/આરોપીને ગુનો

નોંધાયા પુર્વજ કસ્ટડીમાં રાખી ટોર્ચર કરેલા હોવાનું કારણ ધ્યાને લેતા જો આરોપીને આગોતરા જામીન આપવામાં ન આવે તો તેઓ ફરી પોલીસ કસ્ડીમાં ટોર્ચરનો ભોગ બને તેવુ પ્રાર્થમીક રીતે જણાય છે તે મુખ્ય  કારણસર, તેમજ ગુનાનો પ્રકાર, ગંભીરતા, થઇ શકતી સજાની જોગવાઇ આક્ષેપનો પ્રકાર, એફ.આઇ.આર નોંધવા/નોંધાવામાં થયેલ વિલંબ ધ્યાને લઇ હાલની અરજી મંજુર કરવા પાત્ર જણાય છે.

## -: હુકમ :-

(A) હાલના અરજદાર/આરોપી **સંજયભાઇ ચંપકલાલ સોની** દ્વારા ડેસર પોલીસ સ્ટેશન ગુના રજી. નં.૧૧૧૯૭૦૩૫૨૬૦૩૬૦/૨૦૨૬, ભારતીય ન્યાય સંહિતાની કલમ- ૩૧૬(૨),૩૧૮(૪),૩૫૧(૨),૩૫૨ અંતર્ગત નોંધાયેલ ગુનામાં ધરપકડની દહેશત હોય ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ-૪૮૨ હેઠળ આગોતરા જામીન મેળવવા માટે હાલની અરજી **મંજુર** કરવામાં આવે છે.

(B) અરજદાર/આરોપી **સંજયભાઇ ચંપકલાલ સોની** દ્વારા ડેસર પોલીસ સ્ટેશન ગુના રજી. નં.૧૧૧૯૭૦૩૫૨૬૦૩૬૦/૨૦૨૬, ભારતીય ન્યાય સંહિતાની કલમ- ૩૧૬(૨),૩૧૮(૪),૩૫૧(૨),૩૫૨ મુજબ શિક્ષાપાત્ર ગુનાના કામે જો ધરપકડ કરવાનો પ્રસંગ ઉપસ્થિત થાય તો, સંબંધિત તપાસનીશ અધિકારીએ અરજદારને ધરપકડના કિસ્સામાં રૂા.૫૦,૦૦૦/- (અંકે રૂા. પચાસ હજાર પુરા) ના જામીન તથા તેટલી જ રકમનો જાતમુચરકો રજૂ કર્યેથી નીચેની શરતોએ આગોતરા જામીન ઉપર મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**-:શરતો :-**

(a) અરજદાર/આરોપીએ **તપાસના કામે તેઓને પુરો સહકાર આપવો.**

(b) અરજદારે તેમની સ્વતંત્રતાનો દુરૂપયોગ કરવો નહી. વધુમાં અરજદારે આ કામના કેસના સાહેદોને કોઈ પણ જાતની ધાક ધમકી આપવી નહી કે તેઓનો કોઈ પણ રીતે અયોગ્ય હેતુ માટે સંપર્ક કરવા પ્રયત્ન કરવો નહી.

(c) અરજદારોએ ફરીયાદપક્ષના કેસને નુકશાન થાય તેવુ કોઈ કૃત્ય કરવુ નહી.

(d) અરજદારોએ ટ્રાયલ અદાલતની પૂર્વ પરવાનગી સિવાય ભારત દેશની હદ છોડવી નહી.

(e) અરજદાર/આરોપીએ જામીન આપતી વખતે પોતાનું તથા જામીનદારનું રહેઠાણનું પુરું સરનામુ જરૂરી દસ્તાવેજી આધાર સાથે રજુ કરવા. તથા સંપર્ક ટેલીફોન/મોબાઈલ નંબર તપાસનીશ અધિકારીને સંતોષ થાય તે રીતે આપવાના રહેશે.

(f) અરજદાર/આરોપીએ આવા કોઈ ગુનાના કામે સંડોવણી થાય તેવું કોઈ કૃત્ય કરવું નહી.

(g) જો અરજદાર/આરોપી દ્વારા ઉપરોક્ત પૈકી કોઈ પણ શરતનો ભંગ કરવામાં આવ્યાના કિસ્સમાં તપાસનીશ અધિકારી આરોપીના જામીન રદ કરાવવા હકુમત ધરાવતી ટ્રાયલ કોર્ટમાં અરજી કરી શકશે.

**(C)** વધુમાં હુકમ કરવામાં આવે છે કે, પી.આઇ. શ્રી ડેસર પોલીસ સ્ટેશનને કેસની પાછલી મુદત તારીખના રોજ તેઓની અનુકુળતા મુજબની આજની તારીખ પોલીસ સ્ટેશનના સી.સી.ટી.વી ફુટેજ રજુ કરવા માટે આપવામાં આવેલી હતી. પરંતુ આજરોજ પણ તેઓ ૧૫/૦૦ વાગ્યા સુધી કોર્ટ સમક્ષ હાજર રહેલા નહી અને તેઓને પુછતા કોઇ નિર્વૃત આઇ.એ.એસ અધીકારી શ્રી ના પાઇલોટીંગ બંદોબસ્તમાં પોતે ગયેલા હોવાથી આવી શકેલા નહી હોવાની રજુઆત કરેલી હતી. જે રજુઆત પ્રર્થમ દર્શનીય ઉચીત જણાતી નથી. **જેથી સદર પી.આઇ. શ્રી કેતન પટેલ, ડેસર પોલીસ સ્ટેશન, ખરેખર કોઇ વિ.આઇ.પી પાઇલોટીંગ બંદોબસ્તમાં રોકાયેલા હતા કે કેમ <u>તેની કોઇ સીનીયર પોલીસ અધીકારી મારફતે ખાત્રી કરાવી પુરાવા સહીત અત્રેની કોર્ટને દિન-૩૦ માં રીપોર્ટ કરવા માટે આ હુકમની એક નકલ પોલીસ મહાનિર્દોષકશ્રીની કચેરીને મોકલવાનો હુકમ કરવામાં આવે છે.</u>**

**(D)** તેમજ પી.આઇ. શ્રી પટેલની રજુઆત મુજબ ખરેખર પોલીસ અધીક્ષકશ્રીની પરવાનગી વગર કોગ્નીઝેબલ ગુનાની એફ.આઇ.આર નહી નોંધવાની પ્રર્થા વડોદરા જીલ્લા ગ્રામ્યમાં અસ્તીત્વમાં છે કે કેમ તે બાબતે યોગ્ય કરવા પણ સદર હુકમની એક નકલ પોલીસ મહાનિર્દોષકશ્રીની કચેરીને મોકલવાનો હુકમ કરવામાં આવે છે.

**(E)** વધુમાં ડેસર પોલીસ સ્ટેશનના પી.આઇ શ્રી દ્વારા અરજદાર/આરોપીને ગુનો નોંધાયા પુર્વજ કસ્ટડીમાં રાખી માર મારેલ હોવાનો પ્રાર્થમીક પુરાવો જણાઇ આવે છે ત્યારે જો સદર ગુનાની તપાસ ડેસર પોલીસ સ્ટેશન પાસે રહે તો આરોપીની પ્રેઝયુડાઇસ થઇ શકે તેવી શકયતા છે. જે ધ્યાને લઇ સદર ગુનાની તપાસ જો પોલીસ અધીક્ષકશ્રીને અન્ય પોલીસ સ્ટેશનમાં ટ્રાન્સફર કરે તો તે ઉચીત જણાય છે. **જે નિર્ણય પોલીસ અધીક્ષકશ્રી, વડોદરા ગ્રામ્ય ની વિવેકબુધ્ધી પર છોડવામાં આવે છે.** પરંતુ હુકમની એક નકલ પોલીસ અધીક્ષકશ્રી, વડોદરા ગ્રામ્યને મોકલવી.

**(F)** વધુમાં સ્પષ્ટતા કરવામાં આવે છે કે, આ કોર્ટ એક સેસન્સ કોર્ટ છે ત્યારે આ કોર્ટને અરજદાર/આરોપીને, પોલીસ દ્વારા કોઇ માર મારવામાં આવેલ હોય તો તે ગુનાનું સીધુ સંજ્ઞાન લેવાનો અધીકાર નથી. જેથી તે માટે અરજદાર/આરોપી જો કોઇ ફોજદારી પગલા લેવા ઇચ્છતા હોય તો, તે હકુમત ધરાવતી વિ.મેજીસ્ટ્રેટ કોર્ટ સમક્ષ કાનુની કાર્યવાહી કરી શકે છે.

**સદર હુકમની હકુમત ધરાવતા પોલીસ સ્ટેશનને યાદી કરી જાણ કરવા કચેરીને આદેશ કરવામાં આવે છે.**

હુકમ આજ **તારીખ ૨૩ મી જુન, ૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

Place:- Savli
Date: 23-06-26.

Mihirdevsinh J Zala
11 th Addl. Sessions Judge, Salvi
GJ00809